# ⇒ ચોમાસું

પૂર્વના મુખ્ય ત્રણ ઋતુઓ છે. શિયાળો, ઉનાળો, ચોમાસું.

ચોમાસામાં વરસાદ પડે છે. તેથી તેને વર્ષાઋતુ પણ કહે છે.

ચોમાસામાં આકાશ કાળાં કાળાં વાદળોથી છવાઈ જાય છે. ઠંડો પવન ફુંકાય છે. વીજળીના ચમકારા અને વાદળોના ગડગડાટ સાથે વરસાદ તૂટી પડે છે. આથી નાના - મોટાં સૌ આનંદમાં આવી જાય છે. મોર કળા કરીને નાચે છે. દેડકાં 'ડ્રાઉં.....' 'ડ્રાઉં...' કરે છે.

ખેડૂતો ખેતર ખેડે છે. ને ખેતરમાં બી વાવે છે. થોડા દિવસોમાં એ બીમાંથી લીલાછમ છોડ ઊગી નીકળે છે. ધરતી પર પણ લીલું ઘાસ ઊગી નીકળે છે. કૂવા, તળાવ, નદીનાળાં પાણીથી ભરાઈ જાય છે.

રક્ષાબંધન, જન્માષ્ટમી, નવરાત્રી ~~અને દિવાળી~~ જેવા મોટા તહેવારો ચોમાસામાં આવે છે.

વર્ષાઋતુમાં કોઈ વાર ભારે વરસાદ પડે તો ઘણું નુકસાન થાય છે. અનાજ પાકતુ નથી. તેને 'લીલો દુકાળ' કહે છે. કોઈ વાર તદ્દન ઓછો વરસાદ પડે છે. તેથી અનાજ પાકતું નથી. તેને 'સૂકો - દુકાળ' કહે છે.

વર્ષાઋતુ આપણને ઘણી ઉપયોગી છે.

## રક્ષાબંધન :-

રક્ષાબંધનનો તહેવાર શ્રાવણ મહિનાની પૂનમને દિવસે આવે છે. તેને 'બળેવ' પણ કહે છે.

રક્ષાબંધન ભાઈબહેનના પ્રેમનો તહેવાર છે. બહેન ભાઈના કપાળમાં તિલક કરે છે. પછી તે ભાઈના જમણા હાથે રાખડી બાંધે છે. તે ભાઈને મીઠાઈ ખવડાવી તેને આશીર્વાદ આપે છે. ભાઈ બહેનને ભેટ આપે છે. દૂર રહેતી બહેનો ભાઈને ટપાલમાં રાખડી મોકલે છે.

રક્ષાબંધનના દિવસે બ્રાહ્મણો નવી જનોઈ પહેરે છે. માછીમારો દરિયામાં નાળિયેર પધરાવીને દરિયાદેવની પૂજા કરે છે. તેથી આ દિવસ 'નાળિયેરી પૂનમ' તરીકે પણ ઓળખાય છે.

રક્ષાબંધનનો તહેવાર બધા જ લોકો ઊજવે છે.

શાળાઓમાં વિદ્યાર્થીઓ તેમના વર્ગના વિદ્યાર્થીઓને રાખડી બાંધે છે.

રક્ષાબંધન પ્રેમ અને આનંદનો તહેવાર છે.

• Joyfull Saturday

# સંજ્ઞા :-

## વ્યાખ્યા :-

કોઈપણ વ્યક્તિ વસ્તુ કે પ્રાણીને મળેલાં નામને સંજ્ઞા કહેવાય છે. વિવિધ ભાવને પણ સંજ્ઞા કહેવામાં આવે છે.

## ઉ.દા :-

સુખ, ગરમી, પ્રેમ, આકાશ, ઈમાનદારી, કબાટ, કાતર, ચોપડી, પંખી, પર્વત, નદી, ફૂલ, ઝાડ, ગામ, શહેર, વગેરેને ઓળખવા માટે નામ પાડેલાં હોય છે.

## ~: વાક્યો :~

1) કાગડો રંગે કાળો છે.
2) હિંદુઓ મંદિરમાં દર્શન કરવા જાય છે.
3) ગંગા નદી પવિત્ર છે.
4) મારી બહેનનું નામ શીતલ છે.
5) બાળકો મેદાનમાં રમે છે.

# સંખ્યા ૨૧ થી ૪૦ અંક-શબ્દમાં

| | |
|---|---|
| ૨૧ - એકવીસ | ૩૧ - એકત્રીસ |
| ૨૨ - બાવીસ | ૩૨ - બત્રીસ |
| ૨૩ - ત્રેવીસ | ૩૩ - તેત્રીસ |
| ૨૪ - ચોવીસ | ૩૪ - ચોત્રીસ |
| ૨૫ - પચ્ચીસ | ૩૫ - પાંત્રીસ |
| ૨૬ - છવ્વીસ | ૩૬ - છત્રીસ |
| ૨૭ - સત્તાવીસ | ૩૭ - સાડત્રીસ |
| ૨૮ - અઠ્ઠાવીસ | ૩૮ - આડત્રીસ |
| ૨૯ - ઓગણત્રીસ | ૩૯ - ઓગણચાળીસ |
| ૩૦ - ત્રીસ | ૪૦ - ચાળીસ |